

સુપ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથ ખાતે પ્રવાસીઓને આકર્ષી શકે તેવા વધુ એક સ્થળનો ઉમેરો થયો છે. સોમનાથ ખાતે વિકસાવવામાં આવેલ શ્રીમતી કોકિલાબેન ધીરજભાઈ અંબાણી સાગરદર્શન ધામમાં વિવિધ જળચર જીવોની પ્રતિકૃતિ ગોઠવવામાં આવી છે. ડોલ્ફીન, શાર્ક-વ્હેલ, કાચબા, દરિયાઈ પક્ષીઓ સહિતના જીવોની પ્રતિકૃતિઓ જાણીતા કલાકાર શ્રી મયુર વાંકાણી અને શ્રી આનંદ ટીકે દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે.

# બાપ્સના યુવાનો ગાંધી જયંતિએ કાલુપુર રેલવે સ્ટેશન સ્વચ્છ કરશે

ગાંધીનગર, તા. ૩૦

પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના ૩૦૦ તાલીમબદ્ધ નવ યુવાનો ૨જી ઓક્ટોબર અને 'ગાંધી જયંતી'ના દિવસે અમદાવાદ કાળુપુર રેલવે સ્ટેશનની સ્વચ્છતા કરશે.

બીએપીએસ સંસ્થા પ્રત્યે રેલ મંત્રાલય તરફથી શ્રી સુરેશ પ્રભુના વિનંતી પત્રને માન આપીને રાષ્ટ્રીય સ્વચ્છતા અભિયાન હેઠળ સંસ્થા ગાંધી જયંતિના અવસરે કાળુપુર રેલવે સ્ટેશનના પાર્કિંગ, રીઝર્વેશન એરિયા, ટીકિટ વિન્ડોઝ એરિયા, તમામ પ્લેટફોર્મસ, ૩ ફૂટિયા બ્રિજ, વેઈટીંગ રૂમો તેમજ તે સમયે જતી આવતી ટ્રેનોની દરક બોગીમાં સ્વચ્છતાની ખાસ સાધન સામગ્રી વડે સ્વચ્છતા કરશે.

સ્વચ્છતા અભિયાન કાર્યક્રમનો પ્રારંભ સવારે ૯ વાગે એક ખાસ સમારંભથી થશે. શાહીબાગ સ્વામિનારાયણ મંદિરના કોઠારી પૂ. આત્મકિર્તી સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં યોજાનાર કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સાંસદ શ્રી ડૉ. કિરીટભાઈ સોલંકી હાજરી આપશે. તેમની સાથે ડી.આર.એમ. શ્રી રાહુલ અગ્રવાલ, રેલવે અધિકારીઓ અને સ્ટાફની સાથે કુલીઓ પણ હાજર રહેશે અને કાર્યક્રમ દ્વારા હંમેશા સ્વચ્છતા જળવાય તેવી પ્રેરણા અને માર્ગદર્શન પ્રાપ્ત કરશે.

સંક્ષિપ્ત સમારંભ બાદ તુર્તજ વેશભૂષામાં સજ્જ યુવાનો સોંપાયેલા વિભાગોની સ્વચ્છતા માટે નાના નાના ગ્રુપમાં વહેંચાઈ જશે. પૂર્વ તૈયારી રૂપે કાળુપુર રેલવે સ્ટેશનના વિવિધ વિભાગ-વિસ્તારની તલસ્પર્શી માહિતી ફોટોગ્રાફી દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલ છે. પ્રિ-પ્લાનિંગ મુજબ એ વિભાગો અનુસાર સ્વચ્છતા હાથ ધરાશે. પેસેન્જરવાળી ટ્રેનોમાં પણ દરેક બોગી દીઠ ૩ જણા વહેંચાઈ જઈને ટ્રેનની પણ સ્વચ્છતા કરશે.

સ્વચ્છતા ઉપરાંત રેલવે સ્ટાફ, કુલી, પેસેન્જર્સ તથા અન્ય તમામને પણ પ્રેરણા મળે તે માટે બેનર્સ, સૂત્રો તથા ખાસ વિડિયો ક્લીપ પણ દર્શાવાશે.

# પોલીસ અકાદમી કરાઈમાં પોલીસ કર્મીઓને બંધક બનાવાયા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર નજીક પોલીસ અકાદમી કરાઈ ખાતે ૧ પો.સ.ઈ., ૪ ડ્રાયવર અને ૧૨ જેટલા એ.એસ.આઈ.ને બંધક બનાવવાની ચોંકાવનારી ઘટનાએ પોલીસતંત્રને હચમચાવી દીધુ છે.

મોડી રાત્રે રાજ્યના ગૃહ સચિવશ્રી તનેજાએ આ ઘટનાને પુષ્ટિ આપી છે અને સમગ્ર મામલાને લઈ પોલીસ અધિકારીઓ એકેડેમી ખાતે પહોંચ્યા છે.

મળતી વિગતો પ્રમાણે બંધક બનાવાયેલ કર્મચારીઓને કેમ બંધક બનાવાયા ? તેને લઈ પણ તપાસના ચક્રો ગતિમાન કરાયા છે. અધિકારીઓ દ્વારા બંધક કર્મચારીઓને છોડાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે અને બંધક બનાવનાર અધિકારીના નિવાસસ્થાને પોલીસની ટીમ પહોંચી છે.

મોડી રાત્રે સમગ્ર ઘટના પરથી પડદો ઉંચકાશે તેમ મનાઈ રહ્યું છે. અધિકારીના અંગત કામ કરવાનો ઈન્કાર કરતાં કર્મચારીઓને બંધક બનાવાયા હોવાનું મનાઈ રહ્યું છે.

બંધકોને એક ગેરેજમાં પુરી રાખવામાં આવ્યાનું પણ જાણવા મળેલ છે.

# દેશભરમાં ચળવળ ચલાવવા હાર્દિક પટેલે કરેલી જાહેરાત

## જુદા-જુદા ભાગમાં સમુદાયના હકો માટે લડત ચલાવાશે

## પટેલ, કુરમી, ગુર્જરો તેમજ ખેડૂતોના હિતોનું રક્ષણ કરાશે

ગુજરાતમાં પટેલ આંદોલનને આગળ વધારી રહેલા લીડર હાર્દિક પટેલે આજે દેશભરમાં તેમની ચળવળને લંબાવવાની જાહેરાત કરી હતી. દિલ્હીમાં ગુર્જરો માટે લડત ચલાવવા માટે પણ તેઓએ વાત કરી હતી. જુદા જુદા હેતુ માટે મેળવવામાં આવેલી જમીનને પરત આપવા માટેની માંગણી સાથે નવી લડાઈ શરૂ કરાઈ છે. હાર્દિક પટેલે કહ્યું હતું કે પટેલ, કુરમી અને ગુર્જરોના છત્ર સંગઠન અખિલ ભારતીય પટેલ નવ નિર્માણ સેના દેશના જુદા જુદા ભાગોમાં આ તમામ સમુદાયના અધિકારો માટે કામ કરશે. દિલ્હી ખાતે ૨૨ વર્ષીય ગુજરાતી નેતાએ કહ્યું હતું કે, જ્યારે અમે દિલ્હી આવ્યા છીએ ત્યારે અમને જાણવા મળ્યું છે કે, અમારા ભાઈઓની જમીન જુદા-જુદા કારણોસર મેળવી લેવામાં આવી છે અને હવે તેમની જમીન ઉપર મોટા માળખા બનાવી દેવાયા છે. હાર્દિકે કહ્યું હતું કે, અમારા ગુર્જરભાઈઓ માટે લડત ચલાવવા અમે તૈયાર છીએ. જ્યાં જ્યાં જમીન ઉપલબ્ધ છે ત્યાં કામ ન થયું હોય તો ગુર્જરભાઈઓને આ જમીન પરત આપવા લડત ચલાવવામાં આવશે. એક રેલીનું પણ રામલીલા મેદાન ખાતે કરવામાં આવશે. જોકે આ રેલી ક્યારે યોજાશે તે અંગે કોઈ વાત કરાઈ ન હતી. પટેલે કહ્યું હતું કે, રાષ્ટ્રપતિ ભવન, અક્ષરધામ અને સંસદ જેવા મહત્વપૂર્ણ માળખા ગુર્જરો અને કુરમી પાસેથી મેળવવામાં આવેલી જમીન ઉપર બન્યા છે. ભાજપને ચેતવણી આપતા હાર્દિકે કહ્યું હતું કે, ગુજરાતમાં અમે જોયું છે કે, જો કોઈ વ્યક્તિએ વડાપ્રધાન બનાવવામાં મદદ કરી છે તો તે અમે છીએ જેથી અમને નુકશાન થવું જોઈએ નહીં. તેમણે એમપણ કહ્યું હતું કે, ગુજરાત, ઉત્તરપ્રદેશ, બિહાર અને છત્તીસગઢમાં પણ અમારા આંદોલનને ચલાવવામાં આવશે. અમે એક એવા સંગઠનની રચના કરીશું જેમાં પટેલ નવ નિર્માણ સેના હાકલ કરશે ત્યારે દેશમાં ચક્કાજામની સ્થિતિ સર્જાઈ જાય. જેમાં પટેલ, મરાઠા, કુરમી અને ગુર્જરોનો એક અવાજ થવો જોઈએ.

# વ્યાજખોરોના ત્રાસથી લાલપુરના વેપારીએ ઝેરી દવા ખાઈ લેતા મોત

હિંમતનગર, તા. ૩૦

હિંમતનગર તાલુકાના લાલપુર ગામના રહીશ વેપારીએ મંગળવારે વ્યાજખોરોના ત્રાસથી કંટાળી જઈ લાગી આવતા કોઈ ઝેરી દવા ખાઈ લેતાં સારવાર માટે હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જેનું સારવાર દરમિયાન મોત નિપજતા મૃતકના પુત્રએ પિતા પાસેથી મળી આવેલી સ્યુસાઈડ નોટના આધારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ઘટનાની જાણ કરી છે. ગ્રામ્ય પોલીસે મૃતકના પુત્રની ફરિયાદ આધારે વધુ તપાસ હાથ ધરી છે. હિંમતનગર નજીકના લાલપુર ખાતે રહેતા અને હિંમતનગરમાં જમજમ ચિકન સેન્ટર નામની દુકાન ચલાવતા વેપારી ઈસ્માઈલભાઈ. એ. માણુસીયાએ મંગળવારે સવારે પોતાના ઘરે જ કોઈ કારણસર લાગી આવતા ઝેરી દવા ખાઈ લીધી હતી. જેથી એકાએક તેમની તબિયત લથડતા પરિવારજનોએ તેમને સારવાર અર્થે હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જયાં સારવાર દરમિયાન ઈસ્માઈલભાઈ માણુસીયા (ઉ.વ.૪૫) નું મોત નિપજયુ હતું.

મોતને ભેટનાર ઈસ્માઈલભાઈએ લખેલી સ્યુસાઈડ નોટ પરિવારજનોને મળી આવતા જેમાં પોતે બજારમાં પૈસા માંગનારાઓની પરેશાનીથી આત્મહત્યા કરી રહ્યાની નોંધ લખી પૈસા માંગનારાઓ પરેશાન કરે તો આ ચિઠ્ઠી પોલીસને આપવા જણાવ્યુ છે. મૃતકના પુત્ર નઈમભાઈ માણુસીયાએ બુધવારે પિતાની સ્યુસાઈડ નોટના આધારે હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં આસીફ કાજી (હાજીબા), ઉસ્માન સાબેરાહ યુનુસ રાજે, રાજુભાઈ મેન્ટલ અને ફાર્મવાળા હિફ્રજુરરહેમાન વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે પાંચ જણા વિરૂધ્ધ ગુનો દર્જ કરી સમગ્રપ્રકરણની તપાસ હાથ ધરી છે.

# વટવા ખાતે કલર કારખાનામાં ભીષણ આગ

અમદાવાદ, તા.૩૦

શહેરના વટવાજી આઈડીસી ખાતે આવેલી કલરની ફેકટરીમાં આજે બપોરે અચાનક ભીષણ આગ લાગી હતી. આ ઘટનાની જાણ ફાયરબ્રિગેડને કરતાં



૨૫ જેટલા ફાયર ફાઈટરો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અને ભારે જહેમતબાદ સાંજ સુધીમાં આગ પર કાબુ મેળવી લીધો હતો. આગ વધુ ભીષણ બનતા કરોડોનું નુકસાન થયું હતું. સૂત્રો મુજબ શહેરના વટવા જીઆઈડીસી ફેસ-૪માં રામોલ પોલીસ ચોકી પાસે આવેલી આકાર પેઈન્ટિંગ નામની કલરની ફેકટરીમાં આજે બપોરે અચાનક ભીષણ આગ લાગી હતી. આ ઘટના બનતા ફેકટરીમાં કામ કરનાર મજુરોમાં નાસ ભાગ મચી ગઈ હતી. આ ઘટનાની જાણ ફાયર બ્રિગ્રેડને કરતાં ૨૫ જેટલા ફાયર ફાઈટરો તેમજ ૧૦૦થી વધુ જવાનો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. ફાયર બ્રિગેડ મુજબ, ૩૦ ટન જેટલો અતિ જંવલતશીલ સોલવન્ટ જેવા પદાર્થને કારણે ભીષણ આગ લાગી હતી. આ ઘટનામાં ૨૫ જેટલા ફાયર ફાઈટરો તેમજ ૧૦૦થી વધુ જવાનો એ ઘટના સ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવાનો પ્રયાસ કર્યો હતો.

## સ્માર્ટસીટી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાઉન્સીલરો હાજર રહ્યા હતા. આજે યોજાયેલા કાર્યક્રમમાં ૧૫૦થી વધુ સૂચનો મળ્યા હતા. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ એક હજાર જેટલા સૂચનો તંત્રને અત્યાર સુધીમાં મળી ચુક્યા છે. મળેલા આ સૂચનોનું સ્ક્રુટીનાઈઝેશનની કામગીરી પણ સાથોસાથ હાથ ધરવામાં આવી હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યું છે. તંત્રને મળી રહેલા પ્રતિસાદને જોતાં તે શહેરમાંથી ૧૦ હજાર જેટલા સૂચનો મળશે તેવો આશાવાદ વ્યક્ત કરી રહેલ છે.

આ સૂચનોની તારવણી કરી અને પછી તેના આધારે પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરી કેન્દ્ર સરકારને સુપ્રત કરવામાં આવશે. આ સૂચનોને આધારે કામોનો અગ્રતાક્રમ પણ નિયત કરવામાં આવશે. આગામી દિવસોમાં જુદા જુદા સંગઠ્નો અને સેવાભાવી સંસ્થાઓ પાસેથી પણ આ અંગેના સૂચનો મેળવવામાં આવશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે. આ માટેનું આયોજન તૈયાર થઈ ગયું છે. અને ટુંકમાં જ આની બેઠકોનો દોર શરૂ કરવામાં આવશે.

## કરૂણ મોત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યુવાન સુમિત પ્રવિણભાઈ પરમાર સેકટર-૬ ખાતે સ્થિત બોમ્બે વડાપાઉં સેન્ટરમાં કામ કરતો હતો. ગઈ કાલે મોડી સાંજે કામ પતાવીને ઘરે ગયા બાદ સુમિત જમી પરવારીને સે-૧ ઉમાંથી પોતાનું બાઈક નં. જીજે-૧૮-સી.એચ.૭૦૦૦ લઈને મધરાતે સે-૬ તરફથી નીકળ્યો હતો. અચાનક સે-૬ ભુવનેશ્વરી મહાદેવ મંદિરની સામેના માર્ગ પર એક નડતરરૂપ બાવળ કે જયાં અગાઉ પણ ઘણા અકસ્માતો થયા છે ત્યાં તેનું બાઈક ટકરાઈ ગયું હતું. માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા અને લોહી ખુબ વહી જતા સુમિતે બનાવસ્થળ પર જ દમ છોડી દીધો હતો. ગંભીર રીતે ઘવાયેલા આશાસ્પદ યુવાન સુમિતનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નિપજયુંહતું. સુમિત જ પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા મહત્વની ભુમિકા અદા કરતો હતો. સુમિતના મૃત્યુના સમાચારથી પરિવારજનોના પગ તળેથી જાણે જમીન સરકી ગઈ હતી. તો બીજી તરફ સુમિત જયાં કામ કરતો હતો તે બોમ્બે વડાપાઉં સેન્ટરના સ્ટાફ-પરિવારમાં પણ ગમગીની છવાઈ ગઈ હતી. સેકટર-૭ પોલીસ મથકના પીએસઆઈ વી.એસ. દેસાઈ તથા તેમની ટીમ બનાવ સ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ પીએમ કરાવી કાર્યવાહી હાથ ધરી હતી.

## ગરબા મેદાનમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. આ પૈકી મોટાભાગના સભ્યો અગાઉ રાજસ્થાન રહેતા હોવાથી રાજસ્થાની નૃત્ય ઘુમ્મરનુ નર્તન સારી રીતે જાણે છે. પરંતુ ગરબા મેદાનમાં પ્રથમવાર અવનવા સ્ટેપ્સથી ધુમ મચાવવા ઉત્સુક છે. નગરના જાણીતા કોરીયોગ્રાફર અને પનઘટ કલા કેન્દ્રના ભાવિન પટેલ તેમને તાલીમ આપી રહયા છે. રોજ દોઢ કલાક ગરબાની તાલીમના અંતે ભાવિને આ મહીલાઓને ગરબાના બેઝિક સ્ટેપ્સથી લઈ વિવિધ સ્ટેપ્સ શીખવાડ્યા છે. ભાવિનના મતે ગરબાની તાલીમ દરમિયાન ગૃપના તમામ સભ્યોમાં શિસ્ત અને અનોખી ભકિત ભાવના પણ જોવા મળે છે. ગરબે ઘુમવા થનગનતા આ કલાકારોના મતે નવરાતનુ પર્વ સૌથી મોટો ડાન્સ ફેસ્ટીવલ છે.બોલીવુડના ડાન્સ માટે અમે ભેગા ન થઈએ પરંતુ નવરાત્રિની સાથે માતાજીની ભકિત ઉપાસના પણ જોડાયેલી છે. આ પૈકી પદમીનીબા માત્ર ગરબા જ નહીં પરંતુ માતાજીની વિશેષ પુજા અર્ચના કરીને નવરાતના નવે નવ દિવસ ઉપવાસ આરાધના કરે છે.ગૃપના રાજેશ્વરીજી ગણપતસિંહ ચૌહાણ બનાસકાંઠા વિસ્તારના સપરેડા ગામના સરપંચ તરીકેપણ ફરજ બજાવેછે. નવરાત દરમિયાન ગરબે ધુમવા રાજવી પરિવારના ગૃપના સભ્યોએ ભાતીગળ ડ્રેસીસ પણ તૈયાર કરાવ્યા છે.

## ભારત નંબર વન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મુજબ ગ્રીન ફિલ્ડ ઈનવેસ્ટમેન્ટ માટે ટોપ સ્થળોની યાદીમાં ભારત ૨૦૧૫ના પ્રથમ છ મહિનામાં પ્રથમ સ્થાન ઉપર પહોંચી ગયું છે. ભારત ચીન કરતાં ૩ અબજ ડોલર અને અમેરિકા કરતાં ૪ અબજ ડોલરની વધુ રકમ લાવવામાં સફળ રહ્યુંછે. ડેટા સર્વિસના અહેવાલમાં દાવો કરાયો છે કે, આવનાર દિવસોમાં સ્થિતિ વધુ સારી બની શકે છે. મેક ઈન ઈન્ડિયા અને ડિઝીટલ ઈન્ડિયા રોકાણકારોને પ્રભાવિત કરવામાં સફળ છે. જોકે નિષ્ણાંતોનું કહેવું છે કે કેટલાક એવા પગલા છે જેમાં આગળ વધવાની જરૂર છે. ચીનમાં પ્રવર્તી રહેલી મંદીથી લાભ ઉઠાવીને ભારત આગળ વધી શકે છે. એકંદરે વૈશ્વિક કોમોડિટીની કિંમતમાં ઘટાડો થઈ રહ્યો છે જેમાં ક્રૂડ ઓઈલની કિંમતમાં પણ ઘટાડો થઈ રહ્યો છે. સરકાર વર્તમાન નાણાકીય વર્ષમાં ૮ ટકાનો વિકાસ દર હાંસલ કરી શકે છે. ભારત જીસીઆઈ ઈન્ડેક્સમાં હવે ૫૫માં સ્થાને પહોંચી ગયું છે.

## વિશ્વ વડીલ જિવસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરાવતા યુવાનોની સંખ્યા ૪૫ ટકા છે. ગાંધીનગરમાં પ્રથમવાર સિનિયર સિટિઝન ડે ની ઉજવણી કરવામાં આવનાર છે. મહેમદાબાદ સિનિયર સિટિઝન્સ ફોરમ તેમજ શહેર વસાહત મહામંડળના પ્રતિનિધિઓ રાજભવન ખાતે સાંજે ૪ કલાકે રાજયપાલ સાથે પરામર્શ કરશે.

સિનિયર સિટિઝન્સ ડે ની ઉજવણી સંદર્ભે તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે વડીલોની ગંભીર સમસ્યા અંગે અસરકારક પગલા લેવાની અનિવાર્યતા છે. દેશના અન્ય રાજયો મહારાષ્ટ્ર પંજાબ તેમજ કેરાલા સહીતના રાજયોમાં એસ ટી બસમાં પણ વિશેષ વળતર આપવામાં આવે છે. પરંતુ ગુજરાતમાં વડીલોને આ લાભ મળતો નથી.આરોગ્ય ક્ષેત્રે પણ હજુ યોગ્ય લાભો મળતા નથી. વૃધ્ધો માટે સરકારે વૃધ્ધાશ્રમની પણ યોગ્ય વ્યવસ્થા કરવાની અનિવાર્યતા છે. જયારે હેલ્પલાઈન પણ શરૂ કરવી જોઈએ વધુમાં વૃધ્ધો માટે ઢળતી ઉંમરે આજીવિકા મળે તે માટે પણ યોગ્ય વિચારણા કરવી જોઈએ.

## મૃત્યુદંડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હેઠળ દોષિત ઠેરવ્યા હતા જેમાં મૃત્યુદંડની સજાની જોગવાઈ હતી. તપાસ દરમિયાન તમામ ૧૩ અપરાધીઓ સામે લાંબી ટ્રાયલ ચાલી હતી. એન્ટી ટેરીરિઝ્મ સ્કોડ દ્વારા નવેમ્બર ૨૦૦૬માં ચાર્જશીટ દાખલ કરાઈ હતી. ૧૭ હજુ પણ ફરાર છે. ૧૧મી સપ્ટેમ્બરના દિવસે કોર્ટે ૧૩ આરોપી પૈકીના ૧૨ને અપરાધી ઠેરવ્યા હતા. જ્યારે એકને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો. ચુકાદો આપતા ખાસ મકોકા કોર્ટના ન્યાયાધીશ યતીન ડી શિન્દેએ ૧૨ને દોષિત ઠેરવતા કોર્ટમાં સોપો પડી ગયો હતો.


**નામ બદલેલ છે**

મારું જુનું નામ દિપકુમાર વિશ્વનાથ હતું તે બદલી બેજ દિપક વિશ્વનાથ કરેલ છે જેની નોંધ લેવી.

**બેજ દિપક વિશ્વનાથ**
૨૯૧, ડબલ ડેકર, સેક્ટર-૨૪,
ગાંધીનગર - ૩૮૨૦૨૪


## કૃત્રિમ બીજદાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આમ આ મોટી સિદ્ધિને પગલે જિલ્લામાં પશુસંવર્ધનની કામગીરીમાં એક નવો જ વળાંક આવ્યો છે. જિલ્લા પંચાયતની આ શ્રેષ્ઠ સિદ્ધિ માટે આજે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ભીમજ્યાણીએ પશુપાલનની સમગ્ર ટીમને અભિનંદન આપી આગામી દિવોસમાં વધુને વધુ સિદ્ધિઓ મેળવવાની દિશામાં કામગીરી કરતા રહેવા અનુરોધ કર્યો છે. આજે પંચાયતની સમીક્ષા બેઠક દરમ્યાન રાજ્યમંત્રીશ્રી કવાડિયાએ પણ પશુપાલન ટીમની આ કામગીરીને બિરદાવી અભિનંદન આપ્યા હતા. જે ઉલ્લેખનીય છે.

## લાગળીને મેળો... (ચોથા પાનાનું ચાલુ...)

કર્યા. વેરની આગને દેશહિત કાજે બુજાવવામાં સફળ થયા.

સમગ્ર દેશ આઝાદીના ઉલ્લાસમાં ઘરકાવ હતો. કોમી આગ ઠરવા લાગી હતી. ત્યાં જ ૩૦મિ જાન્યુઆરી એ સાંજની પ્રાર્થનાસભામાં જતાં નથ્થુરામ ગોડસેની ગોળીએ બાપુ વીંધાયા... મૃત્યુ પામ્યા... એક મહાજ્યોતિ અંધકારમાં વિલય પામી. યુગપુરુષનો યુગ પૂર્ણ થયો. તેમને ત્રણ ગોળી વાગી હતી તે એક ''સત્ય'' પર બીજી ''અહિંસા'' પર અને ત્રીજી ''પ્રેમ'' પર. આ ત્રણ શબ્દો સાથે વિશ્વભરમાં ગાંધીજી મહાત્મા બનીને અમર થઈ ગયા.

હિમાલયની ભવ્યતા પામવી હોય તો તેના દર્શન માત્રથી ન પામી શકાય. ભવ્યતાને પામવા ત્યાં અઠંગ બની બેસવું પડે. તેની ઉત્તુંગતાને માપવા અનિમેષ નિરીક્ષણ કરવું પડે. એની વિશાળતાને સમજવા ધ્યાનસ્થ થવું પડે. હિમાલયનો પરિચય દર્શનમાત્રથી થાય ખરો પણ તેના અતલ ઊંડાણોમાં છૂપાયેલા રહસ્યને પામી ન શકાય. ગાંધીજીનું વ્યક્તિત્વ જ આવું હિમાલય જેવું રહ્યું છે. તેમને તો સ્વયં પોતાના અતલ ઊંડાણોને જગ ઉંબરે સમસ્ત માનવજાત સામે ખૂલ્લા મૂકી દીધા હતા. તેથી જ આ માનવ મહામાનવ બનીને આપણી સામે અક્ષર દેહ ઉભો છે. આજે નાના બાળક પણ ગાંધી બાપુની કલ્પના કરે છે ને મૃત્યુ ના દ્વારે ઉભા પ્રત્યેક માણસ ગાંધીના નામને લાખેક વાર યાદ કરી જતો હશે!! આ છે ગાંધીજીના કર્મયોગની સફળતા!!

આજની ''ગાંધી ચીંધ્યા રાહે'' ચાલવાની વાતો સાંભળનાર યુવાપેઢીએ આ મહામાનવ વિશે અવશ્ય જાણવું રહ્યું...!!!

મહાત્માજી એટલે આદર્શ નેતૃત્વનો પર્યાય.... આજે તો ''સત્યમેવ જયતે'' નું ઓઠું રાખી ધરાર અસત્ય આચરનારા રાજપુરુષોને જોઈ ઉમાશંકર જોશીની કાવ્યપંક્તિઓ યાદ આવે છે;

ફાંસી દીધી ગોડસેને અમોએ,
ગાંધીજીના દેહને મારનારને,
ગાંધીજીના જીવને જીવતાંને
મૂઆ કેડે મારતું ક્ષણે ક્ષણ,
પડ્યું હશે અમોમાં સહુમાં કાંઈક,
તેને હશે કે કદી મૃત્યુદંડ?

સ્વાર્થલંપટ લોકો ગાંધીજીને વટાવતા રહ્યા છે... આઝાદી પૂર્વેના નેતાઓ દેશની ગરીબ પ્રજાના હમદર્દી - ગાંધીના સત્ય - અહિંસા અને પ્રેમના સિદ્ધાંતોની ચર્ચા વિચારણા થતી - સાદગીભર્યું જીવન - આજે આમાંનું ક્યાંય કશું જોવા મળે છે ખરૂ?!! યુવાદોસ્તો, ગાંધીજી વિદ્યાર્થીકાળમાં તોફાની હતા. ચોરી સાથે તેમનું નામ પણ જોડાયું હતું, ગભરુ હતા, હિંસક વિચારો ધરાવતા હતા. વ્યાસની બનવા તરફનું વલણ હતું, બીડી અને માંસ તરફ મન વળ્યું હતું. મા-બાપ આગળ જૂઠું બોલવાના પ્રસંગો પણ ક્યારેક બનેલા. આ બધા દુર્ગુણોથી ઘેરાયેલું વિદ્યાર્થી - મોહન્દાસનું મન પશ્ચાતાપ અનુભવે છે. આ બધું જે થયું તે સહજ હતું. ઈરાદાપૂર્વક ન હતું. તેથી જ તો તેમણે પિતાજીને ચિઠ્ઠી લખી દોષ કબૂલ કર્યા. પિતાજીની આંખમાંથી વહેલા પ્રત્યેક આંસુઓએ તેમની ભૂલોને ધોવાનું કામ કર્યું.....

મિત્રો, ''મારું જીવન એ જ મારો સંદેશ'' કહેનાર ''સત્યના પ્રયોગો'' કરનાર યુગપુરુષને વર્ણવી કે મૂલવી શકાય ખરા?! સૂર્યનું તો સ્તોત્ર જ ઉચ્ચારાય! આ સત્યાવાતાર પોરબંદરમાં જન્મી ઈંગ્લેન્ડમાં ભણી - આફ્રિકામાં રળવા જનાર એક સામાન્ય માનવમાંથી મહામાનવ શાંતિદૂત-મહાત્મા વિકસતો જોવાનું સદભાગ્ય જે પેઢીને સાંપડ્યું છે - તે ધન્ય છે. ધન્ય છે આ ગુજરાતની ધરા! ધન્ય છે આ ભારતની ભોમ!

**સ્પર્શમણિ :**

ગાંધીજીએ આપણને પોતાના આચરણ દ્વારા શીખવ્યું કે જીવનમાં પકડવા જેવું અને પકડી રાખવા જેવું એકમાત્ર પૂંછડું હોય તો તે સત્યનું પૂંછડું છે.

- ગુણવંત શાહ

## ગુલમોર (ચોથા પાનાનું ચાલુ...)

અપમાન કરતા શબ્દો મજાકના સ્વરમાં બોલી પણ કાઢે અને પછી સોરી યા માફીના બદલે એમ કહે કે ''હું તો મજાક કરતો હતો કે મજાક કરતી હતી'', તો એવા પાટા-પિંડી કરવાથી હૈયાને લાગેલા ઘા મટી જતા નથી.

પ્રેમમાં રુપ અને સૌંદર્યને જ ગરજ યા મતલબ હોય એવું પણ નથી. પ્રેમને સમયનો કે ઉંમરનો કાટ લાગતો નથી. સંબંધને કાટ લાગે તો એ સંબંધ શાનો? મતલબ નીકળી ગયા પછી સંબંધનો દ્રોહ કરવો કે તરછોડી દેવો એ ક્યાંનો ન્યાય? પ્રેમ હંમેશા જવાન હોય છે અને જવાન જ રહેતો હોય છે. એ વાત શાયર અહીં અનોખા અંદાજમાં કહે છે:

**સ્ટોપરઃ**

**તું ચહેરે કી બઢતી સિલવટો કી પરવાહ ન કર,**
**હમ લિખેગેં અપની શાયરી મેં જવાં તુજ કો...**


## જાહેર નિવિદા

### સિક્યુરીટી / સફાઈ કામદાર / અને ભોજન અંગેની નિવિદા

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર હસ્તકની જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર હિંમતનગરની ખુલ્લી જમીનને જાળવણી માટે સલામતી જથ્થો પુરો પાડવા, સંકુલ અને કચેરીની સાફ-સફાઈ કામ, અને ભોજન કોન્ટ્રાકટ-૨૦૧૫-૧૬માં પુરું પાડવા સીલબંધ કવરમાં ભાવ પત્રક મંગાવવામાં આવે છે.

ટેન્ડરના નિયત ફોર્મ રસ ધરાવતી પાર્ટીઓએ સિક્યુરીટી, સફાઈ કામદાર અને ભોજન કોન્ટ્રાકટર માટે રૂ. ૫૦૦/- રોકડા ભરીને જાહેર રજાના દિવસો સિવાય સિનિયર કોચ, જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, હિંમતનગર, મો. ભોલેશ્વર, પો. કાટવાડ, તા. હિંમતનગર, જી. સાબરકાંઠા ખાતેની કચેરીથી સવારના ૧૧.૦૦ થી સાંજના ૫.૦૦ કલાક દરમિયાન તા. ૩/૧૦/૨૦૧૫ થી તા. ૬/૧૦/૨૦૧૫ દરમિયાન મેળવી લેવાના રહેશે. આ ટેન્ડર ફોર્મ સંપૂર્ણ વિગતો અને ઓર્ડર સાથે તા. ૯/૧૦/૨૦૧૫ સુધીમાં સાંજના ૫.૦૦ સુધી આપવાના રહેશે. સંબંધિત પાર્ટીઓએ ટેન્ડર ખોલવા માટે સ્વખર્ચે હાજર રહી શકશે.

સહી/-
સિ. કોચ
જી.ર.પ્ર. કેન્દ્ર, હિંમતનગર,
સાબરકાંઠા

ક્રમાંક ના.મા.નિ./હિંમત ૩૫૨/૨૦૧૫